ગુજરાત સમાચાર, પાના નંબર :- ૦૫.
તારીખ :- ૨૦/૦૨/૨૦૨૬.

### અગાઉ ફરિયાદ નોંધવામાં પોલીસને મુશ્કેલી પડતી

# મેટ્રો ટ્રેનમાં બનતા ગુના હવે ખોખરા, પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધાશે

અમદાવાદ, ગુરુવાર

અમદાવાદમાં મેટ્રો ટ્રેનની અંદર તેમજ મેટ્રો ટ્રેનની મિલકતોને નુકસાન કરવાના કિસ્સામાં ફરિયાદ નોંધવામાં ભોગ બનનારને તેમજ સત્તાવાળાઓને મુશ્કેલી પડતી હતી. જે સમસ્યાનું નિરાકરણ કરવા માટે અમદાવાદ પોલીસે સેક્ટર-૧માં બનતા ગુનાઓ નોંધવા માટે પાલડી અને સેક્ટર-૨માં નોંધવા માટે ખોખરા પોલીસને જવાબદારી સોંપવામાં આવી છે.

## મેટ્રો ટ્રેનમાં બનતા તેમજ મેટ્રો ટ્રેનની મિલકતોને નુકસાનને લગતા ગુના નોંધવા અંગે પોલીસ કમિશનરનું જાહેરનામું

અમદાવાદ શહેરમાં કાર્યરત મેટ્રો રેલ નેટવર્ક ૬૦ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું છે. મેટ્રો ટ્રેનનો રૂટ શહેરના વિવિધ સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થાય છે. પરંતુ, મેટ્રો ટ્રેનની અંદર કે સ્ટેશનની મિલકતોમાં નુકશાન અંગે સંકલન યોગ્ય રીતે થઇ શકતું નહોતું. જેથી આ મુશ્કેલીના અનુસંધાનમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓને રજૂઆત કરવામાં આવતા પોલીસ કમિશનર દ્વારા ગુરૂવારે જાહેરનામુ બહાર પાડીને મેટ્રો રેલના અલગ અલગ વિસ્તારને બે સેક્ટરમાં વહેંચવામાં આવ્યા છે.

જે અંતર્ગત સેક્ટર-૧ની હદમાં આવતા ઝોન-૧, ઝોન-૭ અને ઝોન-૩ના પોલીસ સ્ટેશન જેવા કે વસ્ત્રાપુર, સોલા, ઘાટલોડિયા, ગુજરાત યુનિ, નારણપુરા, નવરંગપુરા, વાસણા, સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ, ચાંદખેડા, ખાડિયા, કાલુપુર સહિતના પોલીસ સ્ટેશનની ફરિયાદ પાલડી પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવશે. જ્યારે સેક્ટર-૨માં આવતા ઝોન-૪, ઝોન-૫ અને ઝોન-૬ની હદમાં આવતા દરિયાપુર, શાહીબાગ, મેઘાણીનગર, રખિયાલ, ગોમતીપુર, ઓઢવ, અમરાઈવાડી અને રામોલ સહિત પોલીસ સ્ટેશનની ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવશે. આમ, હવે મેટ્રો રૂટના ગુનાઓની ફરિયાદ નોંધવામાં માત્ર પાલડી અને ખોખરા પોલીસ સ્ટેશનમાં જ જવુ પડશે અને યોગ્ય રીતે સંકલન થઇ શકશે.